## નવસારીમાં 6 કલાકમાં ધોધમાર 4 ઈંચ

**જલાલપોરમાં** બે ઈંચથી વધુ, અન્યત્ર સામાન્ય વરસાદ



નવસારી: નવસારી જિલ્લામાં મંગળવારે સવારે 8 વાગ્યાથી બપોરે 2 વાગ્યા સુધી સારો વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં સૌથી વધુ 94 મિમી વરસાદ નવસારી તાલુકામાં નોંધાતા શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી.

સરકારી આંકડા મુજબ જલાલપોરમાં 52 મિમી, ચીખલીમાં 28 મિમી, ગણદેવીમાં 17 મિમી, ખેરગામમાં 11 મિમી અને વાંસદામાં 10 મિમી વરસાદ નોંધાયો હતો. વરસાદથી ગરમીમાંથી રાહત મળી હતી, જ્યારે ખેડૂતોમાં પણ આશા જાગી છે.

નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના જણાવ્યા મુજબ મહત્તમ તાપમાન 28.4 સે. અને લઘુત્તમ તાપમાન 26.6 સે. નોંધાયું હતું. સવારે અને સાંજે બંને સમયે 94 ટકા ભેજનું પ્રમાણ રહ્યું હતું. જ્યારે દક્ષિણ-પશ્ચિમ દિશામાં 7.7 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ જિલ્લામાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

## વલસાડ જિ .માં વરસાદનું જોર યથાવત : ધરમપુરમાં 3 ઇંચ

**સિઝનનો** સૌથી વધુ વરસાદ ઉમરગામમાં 189 મીમી

વલસાડ: વલસાડ જિલ્લામાં મંગળવારે સાંજ સુધી વરસાદી માહોલ યથાવત રહ્યો હતો. જિલ્લા કન્ટ્રોલ રૂમ દ્વારા સાંજે 6 વાગ્યા સુધી જાહેર કરાયેલા વરસાદના આંકડા મુજબ જિલ્લામાં સરેરાશ 25.86 મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સૌથી વધુ 70 મી.મી. વરસાદ ધરમપુર તાલુકામાં નોંધાયો છે. ધરમપુરમાં સવારે શરૂ થયેલો વરસાદ બપોર બાદ પણ ચાલુ રહેતા 12થી 2 દરમિયાન 3 મી.મી., 2થી 4 દરમિયાન 7 મી.મી. અને 4 થી 6 દરમિયાન વધુ 17 મી.મી. વરસાદ નોંધાયો હતો.

નાનાપોંઢા વિસ્તારમાં બપોર બાદ વરસાદે જોર પકડતા 45 મી.મી. વરસાદ નોંધાયો છે. જેમાં 2 થી 4 દરમિયાન 25 મી.મી. અને 4 થી 6 દરમિયાન 7 મી.મી. વરસાદ પડ્યો હતો. કપરાડામાં 21 મી.મી., વાપીમાં 23 મી.મી., પારડીમાં 14 મી.મી., વલસાડમાં 6 મી.મી. અને ઉમરગામમાં 2 મી.મી. વરસાદ નોંધાયો છે. ચાલુ ચોમાસામાં અત્યાર સુધી ઉમરગામ તાલુકામાં સૌથી વધુ 189 મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે કપરાડામાં 91 મી.મી., ધરમપુરમાં 89 મી.મી., વલસાડમાં 84 મી.મી., નાનાપોંઢામાં 78 મી.મી., વાપીમાં 68 મી.મી. અને પારડીમાં 62 મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લાના ધરમપુર, કપરાડા અને નાનાપોંઢામાં વરસાદનું જોર વધુ જોવા મળ્યું છે.

## નવસારીમાં પ્રથમ વરસાદે જ પાણી ઘરમાં ઘૂસી ગયા

**નવસારી** મનપાની પ્રિ-મોન્સૂન કામગીરી પાણીમાં



નવસારી: વરસાદે લોકોને ગરમીમાંથી રાહત તો આપી, પરંતુ તેની સાથે જ શહેરની વરસાદી વ્યવસ્થા અને મહાનગરપાલિકાની ચોમાસા પૂર્વેની તૈયારીઓની પણ વાસ્તવિકતા ઉજાગર કરી દીધી. પ્રથમ વરસાદમાં જ અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થતાં પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ સામે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.

શહેરના લુન્સીકુઈ, જલાલપોર, સ્ટેશન રોડ, ટાવર વિસ્તાર, ફુવારા, જૂનાથાણા, નાગતલાવડી અને અન્ય નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં સામાન્ય જનજીવન પ્રભાવિત બન્યું હતું. રસ્તાઓ તળાવમાં ફેરવાઈ જતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો, જ્યારે અનેક બે-ચક્રી વાહનો પાણીમાં બંધ પડી જવાના બનાવો પણ નોંધાયા. શાળાએ જતા વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો.

સૌથી વધુ ચર્ચાનો વિષય નાગતલાવડી વિસ્તાર રહ્યો, જ્યાં સામાન્ય વરસાદમાં જ ઘરોમાં પાણી ઘૂસી જતાં પરિવારોને ઘરવખરી બચાવવા દોડધામ કરવી પડી. સ્થાનિકોનો આક્ષેપ છે કે દર વર્ષે આ જ સમસ્યા સર્જાય છે છતાં તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. એક તરફ મહાનગરપાલિકા દ્વારા ચોમાસા પૂર્વે ડ્રેનેજ સફાઈ, વરસાદી પાણીના નિકાલ અને માર્ગ મરામત સહિતની કામગીરી પૂર્ણ થયાના દાવા કરવામાં આવ્યા હતા, તો બીજી તરફ પ્રથમ જ વરસાદમાં શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર બનતાં આ દાવાઓ પોકળ સાબિત થયા હોવાની ચર્ચા શહેરમાં જોર પકડી રહી છે.

આ વચ્ચે ધોધમાર વરસાદ દરમિયાન પણ કેટલાક સ્થળોએ રોડ બનાવવાની કામગીરી ચાલુ રાખવામાં આવતી હોવાના દૃશ્યો સામે આવ્યા હતા. વરસાદમાં રોડનું કામ કરાતાં તેની ગુણવત્તા અને સરકારી નાણાંના ઉપયોગ અંગે સ્થાનિકોમાં અનેક સવાલો ઊભા થયા છે. વિપક્ષે પણ આ મુદ્દે સત્તાધીશો પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું છે કે કરોડો રૂપિયાનું બજેટ હોવા છતાં શહેરની પ્રાથમિક સમસ્યાઓનું નિરાકરણ કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. જો હજુ સતત વરસાદ વરસશે તો અનેક વિસ્તારોમાં સ્થિતિ વધુ વિકટ બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

બીજી તરફ મેયરે શહેરમાં વરસાદી સ્થિતિને સામાન્ય ગણાવી જણાવ્યું છે કે ભારે વરસાદ દરમિયાન કેટલીક જગ્યાએ પાણી ભરાવું સ્વાભાવિક છે અને તંત્ર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. શહેરના નાગરિકોનું માનવું છે કે દર વર્ષે એકસરખી સમસ્યાઓનો સામનો કરવો પડે છે, ત્યારે હવે માત્ર દાવાઓ નહીં પરંતુ પરિણામલક્ષી અને કાયમી કામગીરીની જરૂરિયાત છે.

## ‘ભૂવા તો પડશે જ’ નવસારીના મેયરનાં નિવેદને મચાવી ચર્ચા

**અમદાવાદ**, મુંબઈ, દિલ્હી જેવાં શહેરોમાં પણ ભૂવા પડે જ છે: મેયર

નવસારી: નવસારી મહાનગરપાલિકાના મેયરના શહેરમાં ભુવા તો પડશે જ જેવાં નિવેદન બાદ શહેરના રાજકીય અને નાગરિક વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. ચોમાસા પૂર્વે પ્રિ-મોન્સૂન કામગીરી પૂર્ણ થયાના દાવાઓ વચ્ચે મેયરના આ નિવેદનને લઈને વિપક્ષે મહાનગરપાલિકાની કામગીરી પર સવાલો ઉઠાવ્યા છે.

મેયરે જણાવ્યું હતું કે શહેરમાં મોટા પાયે ડ્રેનેજ અને વરસાદી લાઈનો નાખવાની કામગીરીને કારણે કેટલીક જગ્યાએ જમીન પોચી બનતાં ભુવા પડવાની શક્યતા રહે છે. તેમણે અમદાવાદ, મુંબઈ અને દિલ્હી જેવા શહેરોમાં પણ આવી પરિસ્થિતિ સર્જાતી હોવાનું ઉદાહરણ આપ્યું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ, એક બેઠક દરમિયાન મેયરે પદાધિકારીઓ અને અધિકારીઓને મીડિયા સમક્ષ સંયમપૂર્વક નિવેદન આપવા તેમજ બિનજરૂરી વિવાદોથી દૂર રહેવાની સલાહ પણ આપી હતી.

મેયરના નિવેદન બાદ વિપક્ષે સવાલ ઉઠાવ્યો છે કે જો પ્રિ-મોન્સૂન કામગીરી સંપૂર્ણ અને ગુણવત્તાસભર થઈ હોય, તો ભુવા પડવાની સંભાવનાનો અગાઉથી ઉલ્લેખ કેમ કરવામાં આવ્યો? બીજી તરફ સત્તાપક્ષનું કહેવું છે કે મોટા પાયે ભૂગર્ભ વિકાસકાર્યો દરમિયાન આવી પરિસ્થિતિ સર્જાવું અસામાન્ય નથી.

## ચીખલીમાં બીજા દિવસે 1.12 ઈંચ વરસાદ

ઘેજ: ચીખલી તાલુકામાં સતત બીજા દિવસે મેઘરાજાનું જોર યથાવત રહેતા બે કલાકમાં ૧.૧૨ ઈંચ વરસાદ વરસતા નેશનલ હાઈવના આલીપોર-ચીખલી તેમજ સમરોલી ઓવરબ્રિજ ઉતરતા સર્વિસ રોડ ઉપર પાણી ભરાતા હાઈવે ઓથોરિટીની પ્રિ-મોન્સૂન કામગીરી સામે અનેક સવાલો ઊભા થવા પામ્યા છે. સર્વિસ રોડ ઉપર ઠેર ઠેર પાણી ભરાતા વાહન ચાલકોએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. સિઝનનો ૩.૮૮ ઈંચ નોંધાવા પામ્યો હતો.

તાલુકામાં દિવસ દરમ્યાન ઝરમર વરસાદને બાદ કરતાં વાદળછાયું વાતાવરણ રહેતા સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. કાગડોળે રાહ જોઈ રહેલા ધરતીપુત્રોને પણ રાહત સાથે આગામી દિવસોમાં સારા વાવણીલાયક વરસાદની આશા બંધાવા પામી છે.



ગિરીશ ભોયે

## વઘઈમાં દોઢ ઈંચથી વધુ, ડાંગ જિલ્લામાં સર્વત્ર વરસાદ

**ગ્રામીણ** વિસ્તારોમાં રસ્તા, ખેતરો પાણી પાણી

સાપુતારા: ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસનાં વિરામ બાદ ફરી એકવાર મેઘરાજાએ ધબધબાટી બોલાવતા સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ છવાયો છે.ડાંગ જિલ્લાના સુપ્રસિદ્ધ હિલ સ્ટેશન સાપુતારા સહિત તળેટી વિસ્તારમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. વરસાદની સાથે સાથે સાપુતારામાં ગાઢ ધુમ્મસની ચાદર ઓઢાઈ ગઈ હોય તેવાં દૃશ્યો સર્જાયાં હતાં. વાહન ચાલકોને સિગ્નલ અને હેડલાઈટ ચાલુ રાખી વાહનો હંકારવાની નોબત આવી હતી. સાપુતારા ઉપરાંત આહવા, વઘઇ અને સુબિર સહિતના પંથકોમાં પણ ક્યાંક ધીમી ધારે તો ક્યાંક મધ્યમ તો ક્યાંક ધોધમાર વરસાદ નોંધાયો હતો. આ વરસાદને કારણે ડાંગના ગ્રામીણ વિસ્તારોના મુખ્ય માર્ગો પર પાણીની રેલમછેલ ફરી વળી હતી. વરસાદનું જોર એટલું સારું હતું કે સ્થાનિક કોતરો અને ખેતરોના ક્યારાઓ પાણીથી છલોછલ ભરાઈ ગયા હતા. લાંબા સમયથી વરસાદની કાગડોળે રાહ જોઈ રહેલા ડાંગના ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદરૂપ સાબિત થયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ બરાબરનો જામતા સુકાઈ રહેલા ડાંગરના ધરુને નવું જીવનદાન મળ્યું છે. ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર સુબિર પંથકમાં 11 મિમી, આહવા પંથકમાં 14 મિમી, સાપુતારા પંથકમાં 19 મિમી, જ્યારે વઘઇ પંથકમાં 41 મિમી અર્થાત 1.64 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

## દમણમાં એક ઈંચ: શેરીઓમાં પાણી ભરાયાં

**જૂનમાં** માત્ર 5.95 ઈંચ વરસાદથી ખેડૂતોમાં ચિંતા

દમણ: છેલ્લા એક અઠવાડિયાથી વિરામ લીધા બાદ મંગળવારે બપોર પછી દમણમાં વરસાદે ફરી ધમાકેદાર બેટિંગ કરતાં સમગ્ર વિસ્તારમાં વરસાદી માહોલ છવાઈ ગયો હતો. મૂશળધાર વરસેલા વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા સાથે પાલિકા વિસ્તારમાં આવેલ વિવિધ શેરીઓ તથા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાવાનાં દશ્યો ઠેરઠેર જોવા મળ્યાં હતાં. પાલિકાની ટીમ દ્વારા શેરીઓમાં ભરાયેલા પાણીનો નિકાલ કરતા રહીશોને રાહત થઇ હતી. દમણ તેમજ આસપાસના વિસ્તારોમાં વરસાદ વરસતાં લોકોને ઉકળાટ અને ગરમીમાંથી મહદઅંશે રાહત મળી હતી. ચાલુ વર્ષે દમણમાં જૂન મહિનામાં માત્ર 5.95 ઈંચ જેટલો જ વરસાદ નોંધાયો હોવાથી ખેડૂતોમાં ખેતી લાયક વરસાદ વરસશે કે કેમ તે અંગે ચિંતા વ્યાપી છે. વરસાદની અછતને કારણે ખરીફ પાકની વાવણી પર અસર વર્તાશે.



નિલેશ કાપડિયા

## જામલિયા નજીક બસ અને ટ્રક વચ્ચે અકસ્માતમાં બેનાં મોત

**અકસ્માતમાં** ટ્રકના ક્લિનર અને એક મુસાફરનું મોત

વાંસદા: વાંસદા તાલુકાના જામલિયા ગામે વાપી-શામળાજી રાષ્ટ્રીય ધોરી માર્ગ હાઈવે નં. 56 પર એસ.ટી. બસ અને હાઈવા ટ્રક વચ્ચે ભયંકર અકસ્માત સર્જાતા બે વ્યક્તિનાં મોત થયા છે, જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ધરમપુર ડેપોથી પાલનપુર જતી એસ.ટી. બસ નં. GJ 18 ZT 3151 વાંસદા થઈ પાલનપુર તરફ જઈ રહી હતી. તે દરમિયાન જામલિયા ગામ નજીકના વણાંક પર વાંસદા તરફથી આવી રહેલી હાઈવા ટ્રક નં. GJ 15 AV 7118ના ચાલકે બસના પાછળના ભાગે જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટક્કરની અસરથી બસ રસ્તાની વિરુદ્ધ દિશામાં ખેંચાઈ ગઈ હતી. બસના ચાલકે સમયસૂચકતા અને સૂઝબૂઝ દાખવી તાત્કાલિક બ્રેક મારી બસને રસ્તા કિનારે આવેલા ઊંડા ખાડામાં ખાબકતી બચાવી લીધી હતી. અકસ્માતને પગલે થોડા સમય માટે હાઈવે પર ટ્રાફિક જામનાં દશ્યો સર્જાયાં હતાં. બસમાં અંદાજે 12થી 13 મુસાફરો સવાર હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માતમાં ત્રણ મુસાફરો તેમજ ટ્રકના ડ્રાઈવર અને ક્લીનર સહિત કુલ પાંચ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે વાંસદા કોટેજ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, આ દરમિયાન ટ્રકના ક્લીનરનું મોત નિપજ્યું હતું. ઉપરાંત બસમાં સવાર એક મુસાફરનું પણ મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

## પર્યાવરણની જાળવણીમાં રંગપર શાળા દેશમાં 8મા ક્રમે

**ભારતીય** ગ્રીન બિલ્ડિંગ કાઇન્સિલ દ્વારા યોજાયેલી સ્પર્ધામાં રંગપરની શાળાએ રાજ્યનું ગૌરવ વધાર્યું



વાંસદા: ભારતીય ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (IGBC) દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત Indian Green School Building Competitionમાં રંગપુર પ્રાથમિક શાળાએ સમગ્ર ભારતમાંથી ગૌરવપૂર્ણ 8મો ક્રમાંક પ્રાપ્ત કરીને જિલ્લાનું તેમજ રાજ્યનું નામ રાષ્ટ્રીય સ્તરે ઉજ્જવળ બનાવ્યું છે.

દેશભરની શાળાઓ વચ્ચે યોજાયેલી આ સ્પર્ધામાં પર્યાવરણ સંરક્ષણ, પાણીનું કાર્યક્ષમ સંચાલન, ઊર્જા બચત, કચરા વ્યવસ્થાપન, હરિયાળી વિકાસ તેમજ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને જવાબદારીના વિકાસ જેવા વિવિધ માપદંડોના આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. વાંસદા તાલુકાની રંગપુર પ્રાથમિક શાળાએ ગ્રીન કેમ્પસના વિકાસ, પર્યાવરણમિત્ર પ્રવૃત્તિઓના અસરકારક અમલીકરણ તથા વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલતા અને ટકાઉ જીવનશૈલીના મૂલ્યો વિકસાવવા માટે કરવામાં આવેલા સતત પ્રયાસોના પરિણામે સમગ્ર ભારત સ્તરે આ ગૌરવપૂર્ણ સ્થાન હાંસલ કર્યું છે. શાળાની આ નોંધપાત્ર સિદ્ધિ પાછળ શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, શાળા વ્યવસ્થાપન સમિતિ તથા ગ્રામજનોના સંયુક્ત પ્રયાસો અને સહયોગનો મહત્વનો ફાળો રહ્યો છે.

## નવસારી મનપાની 12 સમિતિ રચાઈ પારદર્શક કામગીરીની મેયરની ખાતરી

**કોંગ્રેસના** ચૂંટાયેલા બે સભ્યનો એકડો કાઢી નાખતા નારાજગી

નવસારી: નવસારી મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના ચેરમેન અને સભ્યોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. શહેરના વિકાસ, કરોડો રૂપિયાના વિકાસકાર્યો, ટેન્ડરો અને વિવિધ નીતિગત નિર્ણયો સાથે સંકળાયેલી તમામ મહત્વપૂર્ણ સમિતિઓમાં સત્તાધારી પક્ષના સભ્યોને સ્થાન આપવામાં આવ્યું છે.

મહાનગરપાલિકામાં કોંગ્રેસના ચૂંટાયેલા બંને કોર્પોરેટરોને એક પણ સમિતિમાં સભ્ય તરીકે સ્થાન ન મળતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. મેયરે જણાવ્યું હતું કે નવી સમિતિઓ પારદર્શક, જવાબદાર અને પ્રજાલક્ષી વહીવટ સાથે શહેરના વિકાસકાર્યોને વધુ ગતિ આપશે.

### આ સમિતિની રચના કરવામાં આવી

સમિતિ - ચેરમેન
બાંધકામ - સુનીલ લાજેવાર
કાયદા - કિરણબેન બલ્લા
ડ્રેનેજ - રાકેશ પટેલ
આરોગ્ય - રીટાબેન પટેલ
ગૃહનિર્માણ - વિજયભાઈ રાઠોડ
સ્ટાફ સિલેક્શન (મહેકમ) - કૃતિકા પાટીલ
ગાર્ડન - જ્યોત્સનાબેન પ્રજાપતિ
વોટર વર્ક્સ - દિવ્યકાત (મુન્નો) પનારા
સાંસ્કૃતિક - પરેશ ભારતીય
લાઈટ અને ફાયર - રોશન વાઘવાની
નગર નિયોજન - રૂપેશ શાહ
નિધિ - મેયર

નાગરિકોની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ, ગુણવત્તાસભર કામગીરી અને વિકાસલક્ષી યોજનાઓના અસરકારક અમલીકરણ માટે સમિતિઓ કાર્ય કરશે.

બીજી તરફ, કોંગ્રેસે આ નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું છે કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વિપક્ષને પણ યોગ્ય પ્રતિનિધિત્વ મળવું જોઈએ. કોંગ્રેસના બંને ચૂંટાયેલા સભ્યોને તમામ સમિતિઓમાંથી બહાર રાખવામાં આવતાં લોકશાહી ભાવનાને ઠેસ પહોંચી હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.

બીજી તરફ સત્તાપક્ષનું કહેવું છે કે સમિતિઓની રચના કાયદાકીય જોગવાઈઓ અને વહીવટી જરૂરિયાતોને આધારે કરવામાં આવી છે.

## ચીખલીના મીયાઝરીથી દીપડો પાંજરે પુરાતા સ્થાનિકોમાં રાહત

ઘેજ: ચીખલી વન વિભાગની કચેરી પાસેથી પ્રાપ્ત વિગત અનુસાર તાલુકાના મીયાઝરી ગામના પટેલ ફળિયામાં રહેતા શ્રી માજીદભાઈ ગનીભાઈ શેખના ઘરના પાછળના ભાગમાં છેલ્લા કેટલાક સમયથી વન્ય પ્રાણી દીપડાની અવરજવર હોવાની આશંકા સેવાઈ રહી હતી. આ અંગેની જાણ કરવામાં આવતા વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. પાંજરું ગોઠવ્યાના ચાર દિવસ બાદ મંગળવારના રોજ વહેલી સવારે દીપડો શિકારની શોધમાં આવી ચઢતા પાંજરામાં પુરાઈ ગયો હતો. વહેલી સવારે પાંજરામાંથી દીપડાની ગર્જના સાંભળીને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને દીપડો પાંજરે પુરાયો હતો.


